# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL
REACHING NATIONS
SINCE 1969
1969 TO 2029

# સાદનો પ્રતિસાદ

GUJARATI

**India's National Spiritual Newspaper** ₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

**VOL: XXVII** **YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 SEPTEMBER** **NO: 07**


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

**ગીતશાસ્ત્ર ૮૧: ૧ થી ૮**

૧. દેવ જે આપણું સામર્થ્ય છે તેની આગળ મોટેથી ગાઓ; યાકૂબના દેવની આગળ હર્ષનાદ કરો.

૨. ગીત ચઢાવો, ઢોલક તથા સિતાર મધુર વીણા સુદ્ધાં વગાડો.

૩. ચંદ્રદર્શન તેમ પૂનમને સમયે, એટલે આપણા પવિત્ર પર્વને દિવસે, રણશિંગડું વગાડો.

૪. કેમ કે એમ કરવું એ ઈસ્રાએલને સારુ વિધિ છે, તે યાકૂબના દેવનો ઠરાવ છે.

૫. તે મિસર દેશની સામે નીકળ્યો ત્યારે તેણે યૂસફમાં એ સાક્ષી કરાવી; હું ઓળખતો નહોતો એવાની વાણી મેં ત્યાં સાંભળી.

૬. મેં તેના ખભાનો ભાર ઉતાર્યો; તેના હાથ ટોપલાથી છૂટા થયા.

૭. સંકટમાં તેં પોકાર કર્યો, એટલે મેં તને છોડાવ્યો; ગુપ્તસ્થાનમાંથી ગર્જના દ્વારા મેં તને ઉત્તર આપ્યો; મરીબાહનાં પાણી આગળ મેં તારી પરીક્ષા કરી.

૮. હે મારા લોક, સાંભળો, હું તમારી આગળ સાક્ષી પૂરીશ; હે ઈસ્રાએલ, જો તું મારું સાંભળે તો કેવું સારું!

## દ્રઢતાથી વળગી રહો અને મુશ્કેલ સમયોમાં પણ હિંમતવાન બનો!

**HOLD FAST & BE COURAGEOUS EVEN IN HARD TIMES!** – બહેન એન્જલ



આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્ત કે એકલા જેમની પાસે જ અસાધારણ અને અલૌકિક કાર્યો કરવાનું સામર્થ્ય છે, તેમના નામમાં તમને આશીર્વાદિત શુભેચ્છાઓ પાઠવું છું. હું ભરોસો રાખું છું કે આ સંદેશ તમને સારો લાગશે, અને હું પ્રાર્થના કરું છું કે તમે તમારા આત્માને પણ સમૃદ્ધ કરી શકો.

થોડા દિવસો પહેલા, હું દાનિયેલના પુસ્તકનો ૩જો અધ્યાય વાંચી રહી હતી. જોકે મેં આ ફકરો પહેલાં ઘણી વખત વાંચ્યો છે, આ વખતે તે મારા માટે ઊંડો દિલાસો અને આશ્વાસન લાવ્યો છે. મને લાગ્યું કે તમારી સાથે થોડા મનનો વહેંચું.

### હિબ્રુ ભાઈઓ:

દાનિયેલના પુસ્તકનો ૩જો અધ્યાય એક નાટકીય અને પ્રબળ દ્રશ્યથી શરૂ થાય છે. ત્રણ હિબ્રુ માણસો - શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગો - તેમને નબૂખાદનેસ્સાર રાજા દ્વારા આજ્ઞા કરવામાં આવે છે કે તેણે ઊભી કરેલી સોનાની મૂર્તિ આગળ તેઓ નમે અને તેની પૂજા કરે. જ્યારે તેઓએ આવું કરવાનો નકાર કર્યો, ત્યારે તેઓને બળતા અગ્નિની એક ભઠ્ઠીમાં નાખવામાં આવે છે.

(અનુસંધાન પાન ૩ પર)




**ઈકો ઓફ હીઝ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે**

*** Please Subscribe and Share ***

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

## from your dearly beloved brother...





"... યહોવાની નજરમાં જે યથાર્થ તથા સારું હોય તે તું કર: એ સારુ કે તારું ભલું થાય." - પુનર્નિયમ ૬:૧૮.

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call


વહાલા મિત્રો,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં તમ સર્વને શુભેચ્છાઓ!!

હું પ્રભુમાંના મારા બધા ભાઈ -બહેનોનો આભાર માનું છું જેઓ પડદા પાછળ મારી સાથે વિશ્વાસપૂર્વક ઊભા છે - તમારી ઉત્સાહી પ્રાર્થનાઓ દ્વારા, અથાક મહેનત દ્વારા અને ઉદાર મુક્તપણે આપેલા અર્પણો દ્વારા. તમે ઈશ્વર તરફથી મળેલી કૃપાળુ ભેટ છો, જેઓ દૈનિક પડકારો, પરીક્ષણો અને દુઃખ વચ્ચે પણ, રાષ્ટ્રોને તેમના નામની ઘોષણા કરવામાં મને સક્ષમ કરો છો.

મારા માટે, હું ઈશ્વરની સાક્ષીઓને વળગી રહ્યો છું, અને હું માનું છું કે તે મને શરમજનક સ્થિતિમાં નહિ મૂકશે. ગીતકર્તા ગીતશાસ્ત્ર ૧૧૯:૩૧ માં કહે છે:

**"હું તારાં સાક્ષ્યોને વળગી રહ્યો છું; હે યહોવા, મને ફજેત ન કર."**

વળગી રહેવું એટલે ચોંટી રહેવું, પકડી રાખવું, ઝડપી લેવું અને દ્રઢતાથી ઊભા રહેવું. જ્યારે ઈશ્વરે તેમના લોકોને આજ્ઞાઓ આપી, ત્યારે એક પુનરાવર્તિત પ્રોત્સાહન કે "દ્રઢતાથી વળગી રહેવું" અથવા - "નિશ્ચિતપણે જોડાયેલા રહેવું" એ હતું. આ અવિશ્વસનીય પ્રતિબદ્ધતા વિના પ્રાપ્ત કરનારાઓ માટે તેમના ઈશ્વર દ્વારા આપેલા લક્ષ્યો સુધી પહોંચવાનો બીજો કોઈ માર્ગ નથી.

વ્યક્તિગત રીતે, મેં મારી શરૂઆતની જુવાનીથી ઈશ્વરને વળગી રહેવાની આ મુસાફરી શરૂ કરી હતી. મને સમજાયું હતું કે સફળ આત્મિક માર્ગ એ સરળતા અને આરામનો માર્ગ નથી. તેને ઈરાદાપૂર્વકના પ્રયત્નોની જરૂર છે - પકડી રાખવું, દ્રઢતાથી વળગી રહેવું, તેમને આપણા સંપૂર્ણ હૃદયથી પકડી રાખવા.

આ ફક્ત શબ્દો નથી; તેઓ ઊંડા આત્મિક અનુભવોને પ્રતિબિંબિત કરે છે. તે ઈશ્વરની સાથે જોડાયેલા રહેવાની વાત કરે છે, પછી ભલે તે તડકો હોય કે તોફાન, નિષ્ફળતા, વિશ્વાસઘાત, એકલતા, માંદગી, ખોટ, દુઃખ, પરીક્ષણ હોય કે લાલચ દ્વારા હોય.

જેમ કે બીજી સપાટી પર ગુંદરવાળું કંઈક ચોટાડેલું નિશ્ચિતપણે સરળતાથી અલગ થઈ શકતું નથી, તેમ આપણું જીવન પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નિશ્ચિતપણે જોડાઈ રહેવું જોઈએ. જ્યારે આપણે ખરેખર તેમની સાથે વળગી રહીએ છીએ, ત્યારે તેઓ આપણા જીવનોનો અવિભાજ્ય ભાગ બની જાય છે.

આ જીવન નક્કર ખડક પર બાંધવામાં આવ્યું છે - ડૂબી જતી રેતી પર નહિ.

આપણે આજે આપણા પોતાના જીવનોમાં બાઈબલની ઘટનાઓને પરિપૂર્ણ થઈ રહી છે તે જોઈ શકીએ છીએ. વિવિધ ધર્મો અને માર્ગોના લોકો સાક્ષી આપશે કે ઈશ્વર, પ્રભુ ઈસુ ખ્રિસ્ત, હજી પણ જીવંત છે અને આપણી વચ્ચે કાર્ય કરી રહ્યા છે.

અમુક સમયોએ, જીવનના અનુભવો દરમિયાન દ્રઢતાથી પકડી રાખવું, વળગી રહેવું અથવા ઈશ્વરને વળગી રહેવું તેમની સાથેના આપણા સંબંધોમાં તણાવ અને તાણ પણ લાવી શકે છે. જોકે, ઈશ્વરનું વચન આપણને ખાતરી આપે છે :

**"પણ તમે જે યહોવા તમારા દેવને વળગી રહ્યા તે સર્વ આજે જીવતા રહ્યા છો."** - પુનર્નિયમ ૪:૪.


Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◻ BIBLECOR - Postal Courses (3 languages) ◻ Media Ministry ◻ Online Courses ◻ Theological Correspondence Courses (2 languages) ◻ Church Planting ◻ Nehemiah Bible Colleges ◻ Gospel Printing Press ◻ Great Commission Partners ◻ St. Paul's Matriculation School ◻ Crusades ◻ Community Development

આવો ''પ્રભુ ઈસુ ખ્રિસ્તને દ્રઢતાથી વળગી રહીએ'' એ આપણો સંકેત શબ્દ બનવા દઈએ. તે આ દ્રઢ વિશ્વાસ છે જે આપણને જીવનના પરીક્ષણોમાં વિજયી રીતે દોરી લઈ જશે, જે આપણને હાવી થનારાઓ અને પ્રાપ્તકર્તાઓ બનાવશે.

આ અવિરત પ્રતિબદ્ધતા ઈશ્વરના આદરણીય ભયમાં મૂળ નાખેલી હોવી જોઈએ, જે આપણા જીવનોના દરેક ક્ષેત્રમાં પ્રતિબિંબિત થાય.

તમે મારી પ્રાર્થનામાં છો. પ્રભુ ઈસુ ખ્રિસ્તને દ્રઢતાથી વળગી રહો. તમારા જીવનની બાકીની મુસાફરી આશીર્વાદિત અને ફળદાયી રહેશે.

આવો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા હંમેશા તમારી સાથે રહો.

ભાઈઓ, કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખશો ઈસુ ખ્રિસ્તમાં, તમારો સેવક,

**પાળક એસ. સામ સેલ્વ રાજ**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

અધ્યાય ૩માં ઊંડાણપૂર્વક મનન કરતા પહેલા, સંદર્ભ માટે અધ્યાય ૨ પર ટૂંકમાં નજર નાખવી મહત્વપૂર્ણ છે. તે અધ્યાયમાં, નબૂખાદનેસ્સાર રાજાને મુશ્કેલીમાં મુકતું એક સ્વપન આવે છે.

**તેણે એક મોટી મૂર્તિ જોઈ જેનું માથું ચોખ્ખા સોનાનું બનેલું હતું, તેની છાતી ને તેના ભુજ રૂપાનાં, તેનું પેટ ને તેની જાંઘો પિત્તળના, તેના પગ લોઢાના, તેના પગની પાટલીઓનો કેટલોક ભાગ લોઢાનો ને કેટલોક ભાગ માટીનો હતો.** (દાનિયેલ ૨:૩૧-૩૩).



*નબૂખાદનેસ્સાર રાજાને મુશ્કેલીમાં મુકતું એક સ્વપ્ન આવ્યું હતું*


તેણે દાનિયેલને સ્વપ્નનું અર્થઘટન કરવા તેડયો હતો. દાનિયેલ સમજાવે છે કે સોનાનું માથું પોતે નબૂખાદનેસ્સાર રાજાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેના પછી, અન્ય રાજ્યો ઊભા થશે - પણ કોઈ ભવ્ય અથવા શક્તિશાળી નહિ હોય. (દાનિયેલ ૨:૩૮-૩૯).

આપણને અધ્યાયો ૨ અને ૩ વચ્ચેના ચોક્કસ સમયગાળાના અંતર વિશે કહેવામાં આવ્યું નથી, પણ કંઈક રાજાના હૃદયમાં હલાવ્યું હોય તેવું લાગે છે. કદાચ તેણે પોતાને વિચાર્યું, ''હું મરણ પામીશ, અને કોઈ બીજું મારા પછી શાસન કરશે. પણ હું ઈચ્છું છું કે લોકો મારા શાસનને સુવર્ણ યુગ તરીકે યાદ કરે.'' ઘમંડ અથવા અસલામતીથી પ્રેરિત, તે એક વિશાળ સુવર્ણ મૂર્તિ બનાવવાનું નક્કી કરે છે - સંભવતઃ પોતાની જાતની - ઈચ્છે છે કે તેની આગળ સઘળા દંડવત પ્રણામ કરે અને તેની પૂજા કરે.

## ૧) સ્વતંત્રતાની સાથે બંધાયેલાઃ

દાનિયેલ ૩:૨૧ - **તેઓએ તે માણસોને તેમની ઈજારો, પાઘડીઓ, જામા તથા બીજાં વસ્રોસહિત બાંધીને તેમને બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખ્યા.**

રાજાએ વિચાર્યું કે તેણે તેમને બાંધ્યા હતા, તેમને બાંધી દીધા છે, અને તેમને બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખી દઈને તેમની સ્વતંત્રતા છીનવી લીધી છે. શત્રુએ ચોક્કસ માન્યું હશે કે તેણે ઈશ્વરની યોજના સફળતાપૂર્વક કાપી નાખી છે - પાટા પરથી ઉતારીને, વિલંબ કરાવીને, અથવા તેનો નાશ કરીને. એક ક્ષણ માટે, તે ત્રણ હીબ્રુ માણસોના



*ઈશ્વર પાસે મોટી યોજના હતી*

અંત જેવું લાગતું હતું. જ્યારે ઈશ્વરે તરત જ દરમિયાનગીરી કરી નહિ ત્યારે શેતાન ચોક્કસ આનંદિત થયો હશે. મોટે ભાગે, જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે ઈશ્વર તરત જ જવાબ આપે છે. પણ અન્ય સમયે ત્યાં મૌન હોય છે કે ચૂપકીદી હોય છે - કેટલીકવાર વર્ષો સુધી. આ મૌન આપણા વિશ્વાસને હચમચાવી શકે છે અને આપણને છોડી દેવા માટે લલચાવી શકે છે.

હું તમારા વિશે જાણતી નથી, પણ મેં સમયનો અનુભવ કર્યો છે, જ્યારે પ્રાર્થના કર્યા પછી, બાબતો વધુ સારી થવાને બદલે, તે વધુ ખરાબ થઈ ગઈ હતી. જો આપણે હિબ્રુ ભાઈઓની વાત જોઈએ, તો તેઓએ




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

હિંમતભેર તેમના વિશ્વાસની કબૂલાત કર્યા પછી, અગ્નિની ભઠ્ઠીને વધુ ગરમ કરવામાં આવી હતી - સાતગણી ગરમ.

કદાચ, વહાલા મિત્ર, તમે તમારી જાતને પૂછતા જોઈ શકો છોઃ હે પ્રભુ, તે કેમ ખરાબથી વધુ ખરાબ થઈ ગયું છે? હું પ્રાર્થના કરી રહ્યો છું - તો પણ તમે આને કેમ મંજૂરી આપી?''

હા, ઈશ્વર તેમને અગ્નિની ભઠ્ઠીમાં નાખી દેવાથી અટકાવી શક્યા હોત. તેઓને ભઠ્ઠીમાં નાખી દેવામાં આવે તે પહેલાં ઈશ્વર જ્વાળાઓને શાંત પાડી શક્યા હોત, બુઝાવી શક્યા હોત. પણ તેમણે કંઈક મોટું કર્યું - તેઓ અગ્નિમાં તેમની રાહ જોઈ રહ્યા હતા. તેઓ પહેલેથી જ ત્યાં હતા, તેમને તેમના હાથોમાં ધરી રાખવા તૈયાર હતા.

જ્યારે તેઓ ભઠ્ઠીમાં પડ્યાં, ત્યારે હું માનું છું કે તેઓ સીધા ઈશ્વરના શાશ્વત હાથોમાં પડ્યા હતા. તેઓ પહેલેથી જ તેમની આગળ ગયા હતા. ઈશ્વર હંમેશાં આપણી આગળ જાય છે - અગ્નિની ભઠ્ઠીમાં પણ આપણું રક્ષણ કરવા આગળ ચાલે છે. ગરમ કરેલી ભઠ્ઠીની મધ્યમાં પણ, તેઓ ત્યાં છે. તમે એકલા નથી. તે ત્યાં રાહ જોતા ઊભા રહેશે - તમને મજબૂત કરવા, તમને ટકાવી રાખવા માટે.

ઈશ્વરની પરવાનગી વિના, આપણા જીવનોમાં કંઈ પણ થતું નથી. તેઓ તીવ્ર સંઘર્ષની મોસમોને મંજૂરી આપે છે - આપણને નુકસાન પહોંચાડવા માટે નહિ, પણ આવનારી પેઢીઓ માટે જીવંત સાક્ષીઓ તરીકે ઉપયોગ કરવા માટે. આપણા જીવનો અને આપણો સાક્ષી ઊભી રહેશે. ઈશ્વરે આપણને એક વારસો છોડવા માટે તેડ્યા છે.

## ૨) છૂટા ફરતા હતા!

જ્યારે ત્રણેય પુરુષોને અગ્નિની ભઠ્ઠીમાં નાખી દેવામાં આવ્યા હતા, ત્યારે તેમના બધા બંધનો છૂટી ગયા હતા. તેમના હાથે અને પગે બંધાયેલા દોરડા છૂટી ગયા હતા. યહોવા પ્રભુની હાજરીમાં, તેઓ છૂટા થઈ ગયા હતા - અગ્નિમાં કોઈ પણ નુકસાન વગર છૂટા ફરતા હતા, તેમની બાજુમાં



*ચાર માણસો અગ્નિમાં છૂટા ફરતા હતા*

ઈશ્વરના પુત્રની સાથે.

''**જુઓ , હું ચાર માણસોને અગ્નિમાં છૂટા ફરતા જોઉં છું. વળી તેઓને કંઈ પણ ઈજા થઈ નથી..**'' દાનિયેલ ૩:૨૫.

તમિલ બાઈબલમાં, આ કલમ સુંદર રીતે પ્રસ્તુત થઈ છે - તે ફક્ત એમ કહેતું નથી કે તેઓ ચાલતા હતા, પણ તેઓ જાણે લટાર મારતા હતા. કેવું દ્રશ્ય! આ માણસોને છૂટા કરવામાં આવ્યા હતા - તેમને નાશ કરવા માટે રચાયેલ એ જ સ્થળે મુક્ત થઈને.

વહાલા ભાઈઓ તથા બહેનો, તમે કદાચ તમારી જાતને હમણાં અગ્નિની વચ્ચે જોઈ શકો છો. પણ જ્યાં સુધી તમે ઈશ્વરની હાજરીમાં રહેશો, ત્યાં સુધી તમે મુક્ત છો. તેઓ કોઈ પણ બંધનને તોડવા માટે સમર્થ છે. ત્યાં ઈસુ ખ્રિસ્તના રક્તમાં મુક્તિ છે.

મને જે આશ્ચર્ય થાય છે તે માત્ર એટલું જ નહિ કે તેઓને છોડાવવામાં આવ્યા હતા, પણ તેઓ શું કરી રહ્યા હતાઃ તેઓ તેમના બનાવનાર સાથે આરામથી ફરી રહ્યા હતા!

તે વિશે વિચાર કરો - આપણે સામાન્ય રીતે ક્યારે આરામથી ફરીએ છીએ? લોકો ઉદ્યાનો અથવા બગીચાઓમાં સહેલાઈથી અને ઉતાવળ કર્યા વગર ફરે છે, પ્રકૃતિ અથવા સારી સંગતનો આનંદ માણે છે, કોઈ પણ દબાણ અથવા ચિંતા વિના તેમનો સમય લે છે.

શું તમે કલ્પના કરી શકો છો? શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગો આરામથી ફરતા હતા - શાંતિથી અને દબાણ વિના - એક સાતગણી ગરમ કરેલી ભઠ્ઠીમાં! શત્રુએ વિચાર્યું કે તેઓ તેમના કબજામાં છે, પણ તેને એક શક્તિશાળી સત્યનો ખ્યાલ આવ્યો નહોતોઃ ઈશ્વર તેમની પાછળ તેમની સાથે હતા.

આત્મવિશ્વાસ સાથે તેને મોટેથી કહોઃ ''ઈશ્વર મારી પાછળ મારી સાથે છે!''

## ૩) કંઈ પણ ઈજા થઈ નહોતી!

તેમના હાથો અને પગો જ ફક્ત છૂટા થયા નહોતા, તેઓ ફક્ત યહોવા પ્રભુની સાથે ચાલતા જ નહોતા - તેઓ સંપૂર્ણપણે ઈજા પામ્યા વગરના હતા. જેમ દાનિયેલ ૩:૨૫ જાહેર કરે છે, - તેઓને કંઈ પણ ઈજા થઈ નહોતી...

આ તે કેવી રીતે શક્ય બને?

તેનો અર્થ એ કે અગ્નિની કોઈ અસર તેમના પર થઈ નહોતી - તેઓના માથાના વાળ બળ્યા નહોતા, તેઓ દાઝ્યા પણ નહોતા તથા અગ્નિની ગંધ પણ તેઓને લાગી નહોતી. ઈશ્વરે તેમને એટલા સંપૂર્ણ રીતે ઢાંકી દીધા હતા, જાણે કે તેઓ ક્યારેય અગ્નિની વચ્ચે હતા જ નહિ.

હું કલ્પના કરું છું કે જ્યારે તેઓને ગરમ ભઠ્ઠી તરફ દોરી લઈ જવામાં આવતા હતા ત્યારે તેઓ ચોક્કસ ગીતશાસ્ત્ર ૨૩ ગાતા હશેઃ

''**જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે; તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.**'' ગીતશાસ્ત્ર ૨૩:૪.



*જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ!*

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1986

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝંખ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૫ સુધી**

(મહેરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**સપ્ટેમ્બર ૧૯ :** અમારા **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** આચાર્ય, શિક્ષકો અને કર્મચારી વર્ગના સભ્યોને માટે.

**સપ્ટેમ્બર ૨૦ :** આપણા સહ સંપાદકો અને તેમના પરિવારો પરના આશીર્વાદોને માટે.

**સપ્ટેમ્બર ૨૧ :** અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** વૃદ્ધિને માટે.

**સપ્ટેમ્બર ૨૨ :** અમારા કાર્યકરોના કુટુંબીજનો પર વહેવડાવેલા તેમના આશીર્વાદોને માટે.

**સપ્ટેમ્બર ૨૩ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોની અને તેમના કુટુંબો પરના ઈશ્વરના આશીર્વાદોને માટે.

**સપ્ટેમ્બર ૨૪ :** ઓગસ્ટ મહિના દરમિયાન આપણી બધી જરૂરિયાતોને પહોંચી વળવા ઈશ્વરની વિશ્વાસુ જોગવાઈને માટે.

**સપ્ટેમ્બર ૨૫ :** ઈશ્વરની કૃપાને માટે જ્યારે **ઈકો ઓફ હીજ કોલની** મિનિસ્ટ્રીજ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તેના ૫૭મા વર્ષમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે.

**સપ્ટેમ્બર ૨૬ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા પ્રવેશો પરની ઈશ્વરની કૃપા માટે.

**સપ્ટેમ્બર ૨૭ :** મુખ્ય ચર્ચમાં અને તમામ શાખા ચર્ચોમાં અમારી રવિવાર સેવાઓ દ્વારા ઈશ્વરના વચનના સામર્થ્યને માટે.

**સપ્ટેમ્બર ૨૮ :** અમારી **નહેમ્યા સાંધ્ય બાઈબલ કોલેજો** માટે નવા વિદ્યાર્થીઓને લાવવા માટે.

**સપ્ટેમ્બર ૨૯ :** અમારા મિશન કાર્યકરો દ્વારા બતાવેલ ઊંડી પ્રતિબદ્ધતા માટેની કૃતજ્ઞતા વ્યક્ત કરતા.

**સપ્ટેમ્બર ૩૦ :** અમારા વડીલ પાળક માટે અને તેમની વિવિધ મિનિસ્ટ્રીજ દ્વારા સુવાર્તાને આગળ વધારવા માટેના તેમના અવિરત સમર્પણને માટે.

**ઓક્ટોબર ૦૧:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં અમને સક્ષમ કરવા માટે.

**ઓક્ટોબર ૦૨:** **ઈકો ઓફ હીજ કોલના** યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રી દ્વારા વહેંચવામાં આવેલા ૫ મિનિટના સંદેશાઓ દ્વારા પ્રાપ્ત પ્રોત્સાહક સાક્ષીઓ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતા.

**ઓક્ટોબર ૦૩:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ તથા બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** પરની ઈશ્વરના અવિરત આશીર્વાદોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ઓક્ટોબર ૦૪:** નિયમિતપણે ઈશ્વરવિદ્યાના સેમિનારો યોજવામાં અમને મદદ કરવામાં ઈશ્વરના માર્ગદર્શનને માટે.

**ઓક્ટોબર ૦૫:** સર્વ દેશો મધ્યે એકતા અને શાંતિ સ્થપાય તે માટે.

**ઓક્ટોબર ૦૬:** અમારા સહસંપાદકો અને તેમના કુટુંબીજનો પર આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૦૭:** અમારા ભાગીદારો, રાજ્ય કોઓર્ડિનેટરો અને તેમના કુટુંબીજનોને માટે.

**ઓક્ટોબર ૦૮:** વિશ્વભરના લોકોની સલામતી અને સુખાકારીને માટે.

**ઓક્ટોબર ૦૯:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** (ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા) નવા વિદ્યાર્થીઓના પ્રવેશોને માટે.

**ઓક્ટોબર ૧૦:** અમારા સુવાર્તા છાપખાના પર ઈશ્વરના આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૧૧:** અમારા વડીલ પાળક, રેવ. એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સારા સ્વાસ્થ્યને માટે અને તેમની સુખાકારીને માટે.

**ઓક્ટોબર ૧૨:** ઈશ્વર સાથેના તેમના સંબંધોમાં સર્વ રાષ્ટ્રોના વિશ્વાસીઓમાંની અખંડિતતાને માટે, નિષ્ઠાને માટે.

**ઓક્ટોબર ૧૩:** **ઈકો ઓફ હીજ કોલની** જુવાનોની અને બહારી મિનિસ્ટ્રીજને માટે.

**ઓક્ટોબર ૧૪:** વિશ્વના વિવિધ ભાગોમાં વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે તે માટે.

**ઓક્ટોબર ૧૫:** વિશ્વભરના મિશનરી કાર્યકરોના દૈવી સંરક્ષણને માટે.

**ઓક્ટોબર ૧૬:** દરેક રાષ્ટ્ર ઈશ્વરની બીક રાખતા આગેવાનો દ્વારા દોરવણી પામે તે માટે.

**ઓક્ટોબર ૧૭:** વંચિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલાઓના આર્થિક ઉત્થાનને માટે.

**ઓક્ટોબર ૧૮:** દરેક સ્થળોના લોકોના કુદરતી આપત્તિઓથી દૈવી રક્ષણને માટે.

(પાન ૪ પરથી આગળ...)

અને ખરેખર, તેઓ તેમની સાથે હતા – દિલાસો આપવા અને છોડાવવા માટેની રાહ જોતા હતા, જેમ તેમણે વચન આપ્યું હતું.

*અહીં તેમના કેટલાક ખાતરીદાયક મૂલ્યવાન વચનો છેઃ*

**"જે તમને અડકે છે તે તેની આંખની કીકીને અડકે છે." ઝખાર્યા ૨:૮.**

**"જો, મેં તને હથેલી પર કોતરી છે." યશાયા ૪૯:૧૬**

**"તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે." ગીતશાસ્ત્ર ૯૧:૧૧.**

**"સર્વ દુઃખથી યહોવા તારું રક્ષણ કરશે; તે તારા આત્માની સંભાળ રાખશે." ગીતશાસ્ત્ર ૧૨૧:૭.**

**"હું તેઓને અનંતજીવન આપું છું; અને કદી તેઓનો નાશ થશે નહિ, અને મારા હાથમાંથી કોઈ તેઓને છીનવી લેશે નહિ." યોહાન ૧૦:૨૮.**

વહાલા મિત્રો, તમે અત્યારે જે પણ જબરજસ્ત અથવા ગૂંગળામણની પરિસ્થિતિમાં છો – તમે તેમાંથી કોઈ પણ નુકસાન પામ્યા વિના બહાર આવશો. ફક્ત પ્રભુને વળગી રહો. જ્યાં એવું લાગે કે ત્યાં કોઈ માર્ગ નથી, ત્યાં તેઓ માર્ગ તૈયાર કરશે.

તમે કદાચ અપમાનજનક સંબંધમાં ફસાયેલા હોઈ શકો છો, નાણાકીય સંકટમાં ડૂબી ગયેલા હોઈ શકો છો, આરોગ્યના ગંભીર મુદ્દાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા છો, કાનૂની લડાઈમાં ફસાયેલા છો, અથવા કોઈ પ્રિયજનની ખોટ પર શોક વ્યક્ત કરી રહ્યા છો. પણ આ યાદ રાખો – ઈશ્વરે તમને પાછા મેળવી લીધા છે.

તેમના વચનોની ખાતરીઓનો દાવો કરો. તોફાનમાં તેમની સ્તુતિ કરતા રહો. તેઓ કાં તો તમને પરિસ્થિતિમાંથી બહાર લાવશે અથવા નુકસાન પહોંચાડ્યા વિના – તેને સહન કરવાની તમને કૃપા આપશે.

તેવી જ રીતે, ત્રણ હીબ્રુ માણસો સંપૂર્ણપણે કોઈ પણ નુકસાન વિના અગ્નિમાંથી બહાર આવ્યા હતા!

## ૪) અગ્નિની કંઈ પણ અસર થયેલી નહોતી!

દાનિયેલ ૩:૨૭ કહે છે, **"...અગ્નિની કંઈ પણ અસર થયેલી નહોતી!"**

તેનો અર્થ એ કે તમે જે પરિસ્થિતિમાં છો તેમાં કોઈ શક્તિ તમારી ઉપર હાવી થઈ શકતી નથી. હાલેલુયા!

રાજા અને તેના અધિકારીઓ માનતા હતા કે અગ્નિ તેમને ભસ્મ કરી નાખશે. પણ ખરેખર જે બન્યું હતું તે કંઈક નોંધપાત્ર હતુંઃ અગ્નિની તેમના પર કોઈ અસર થઈ નહોતી – હીબ્રુ માણસોએ, ઈશ્વરના સામર્થ્ય દ્વારા, પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો, પરિસ્થિતિને પોતાની રીતે નિર્ધારિત કરી હતી.

આવો મને તમને આ કહેવા દોઃ તમારી પરિસ્થિતિને તમારા પર કોઈ અધિકાર નથી – જ્યાં સુધી તમે તેને તે અધિકાર આપો નહિ.


તમારા ડર, પીડા અથવા કટોકટીને તમારા પર નિયંત્રિત થવા માટે તેને શરણ ન જાવ. પરિસ્થિતિને તમારા પર વર્ચસ્વ સ્થાપવા આપવા દેવાનો અસ્વીકાર કરો. ઈશ્વરના બાળક તરીકે, તેમનો અધિકાર તમારી પાસે, તમારી સાથે છે. અગ્નિ ખરેખરો, વાસ્તવિક હોઈ શકે છે, પણ જેઓ તે ચોથા માણસ સાથે ચાલે છે તેની સામે તે શક્તિહીન છે!

## ૫) તેણે ઈશ્વરના નામનો મહિમા વધાર્યો હતો!

આપણા જીવનોની દરેક ઘટનામાં – ભલે તે આનંદકારક હોય કે પીડાદાયક – તેમાં એક દૈવી હેતુ છેઃ તે દ્વારા ઈશ્વરનો મહિમા થાય, ઈશ્વરનો મહિમા લાવવા માટે.

હા, દુઃખમાં પણ. નુકસાનમાં પણ. અગ્નિમાં પણ.

ચમત્કારના સાક્ષી બન્યા પછી, નબૂખાદનેસ્સાર રાજાએ જાહેર કર્યુંઃ ત્યારે નબૂખાદનેસ્સારે કહ્યું કે, **"શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગોના દેવને ધન્ય**



*નબૂખાદનેસ્સાર રાજાનું ફરમાન*

**હો કે, જેણે પોતાના દૂતને મોકલીને પોતાના સેવકો, જેઓ તેના પર શ્રદ્ધા રાખતા હતા, તથા જેઓએ રાજાનું વચન નિષ્ફળ કર્યું છે, તથા પોતાના દેવ**

(આગળ પાન ૮ પર...)

ECHO OF HIS CALL REACHING NATIONS SINCE 1969

# નહેમ્યા બાઈબલ કોલેજો

લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

પ્રવેશ માટે ઝડપ કરશો!

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ફ્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે
૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે
૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં- ૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફિકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## પ્રભુ જે નમ્ર મિનિસ્ટ્રીને ઉંચે ચઢાવે છે!

મારા શરૂઆતના દિવસોથી, પ્રભુએ મને તેમની ભવ્ય સુવાર્તા દ્વારા, હરકોઈ રીતે, સર્વની સાથે સર્વની જેમ, લોકો સુધી પહોંચવા માટે અને લોકોને ઈસુ ખ્રિસ્તના તારણનો આનંદ લેવા તેમના સુધી પહોંચવા માટે ખૂબ જ રસ ઉત્પન્ન કર્યો હતો અને એક બોજ આપ્યો હતો. (૧ કરિંથીઓને પત્ર ૯:૨૨). એક દિવસ, મેં ઓછામાં ઓછી એક વ્યક્તિને સુવાર્તાની ટ્રાક દરરોજ આપીને કે ખ્રિસ્તના પ્રેમને વ્યક્તિગત રૂપે વહેંચવાનું નક્કી કર્યું. પ્રભુ હજી પણ મને આ નિર્ણય લેવા બદલ મદદ કરી રહ્યા છે.

વર્ષ, ૧૯૭૧થી જ્યારે હું તામિલનાડુ સરકાર માટે કામ કરતો હતો, ત્યારે મારા નિવાસસ્થાનથી કાર્યાલય જતા અને ઘરે પાછા આવતા માર્ગમાં મને સુવાર્તા ટ્રાકો વિતરિત કરવાની આદત હતી. જ્યારે હું આ મિનિસ્ટ્રીના સેવાકાર્યમાં હતો, ત્યારે હું હજારો બિન-ખ્રિસ્તીઓ તેમજ થોડા ધાર્મિક લોકોને મળવા માટે સક્ષમ બન્યો હતો. આ સિવાય, આ મિનિસ્ટ્રી મારફતે મને થયેલા સંપર્કો દ્વારા, હું ચેન્નાઈમાં એક ચર્ચ મિનિસ્ટ્રી શરૂ કરી શક્યો હતો.

કેમ કે મને પૂરતું સાહિત્ય મેળવવામાં મુશ્કેલી પડી રહી હોવાથી, મારા મફત વિતરણ માટે સુવાર્તા સાહિત્ય છાપવા માટે મારે સ્થાનિક છાપખાનાનો સંપર્ક કરવો પડ્યો હતો. છાપખાનાના માલિકો મારી મિનિસ્ટ્રી માટે સુવાર્તા ટ્રાકો છાપવા માટે બહુ રાજી ન હતા. આનાથી મને ઘણી વખત અસ્વસ્થતા થઈ હતી. આવા તમામ પ્રતિકૂળ સંજોગો હોવા છતાં, પ્રભુએ મને મિનિસ્ટ્રી ચાલુ રાખવામાં મદદ કરી હતી.

ઘણા બધા વખતોએ, જ્યારે હું અન્ય ધર્મોના મિત્રોને સુવાર્તા ટ્રાકોનું વિતરણ કરતો હતો ત્યારે મારા પર શારીરિક હુમલા કરવામાં આવ્યા હતા. પણ ઈશ્વરે મને દુષ્ટ શક્તિઓથી બચાવ્યો હતો અને મને તેમની મિનિસ્ટ્રીમાં આગળ વધવામાં મદદ કરી હતી.

હવે, જે પ્રભુની મેં વિશ્વાસપૂર્વક સેવા કરી હતી, તેમણે મને શેરીઓ અને બજારના સ્થળો પર સુવાર્તા ટ્રાકોનું વિતરણ કરવા માટે મારા નમ્ર સેવાકાર્યોનું સન્માન કર્યું છે અને મને પૂરતા પ્રમાણમાં કાર્યક્ષમ કર્મચારીઓ, નવીનતમ છાપખાનાના ઉપકરણો, ઇમારતો વગેરે સાથે સુવાર્તા સાહિત્યના મોટા સેવાકાર્યોથી આશીર્વાદિત કર્યો છે. હવે તમે જાણો છો, તેમ, ઈશ્વરની કૃપાથી, આ મિનિસ્ટ્રી ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વિવિધ દેશોના લોકો સુધી પહોંચવામાં સક્ષમ થઈ છે અને હવે અમે સોળ ભાષાઓમાં સુવાર્તા સાહિત્યનું ભાષાંતર કરીએ છીએ અને તેને પ્રકાશિત કરીએ છીએ, જેમ કે, અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિન્દી, મરાઠી, કન્નડ, બંગાળી, ગુજરાતી, ઓરીયા, આસામીઝ, પંજાબી, ઉર્દૂ, નેપાળી, સિંહાલી અને આફ્રિકન્સ. અમે દર રવિવારે પાંચ ભાષાઓમાં, અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલુગુ અને હિન્દીમાં અમારા મુખ્ય ચર્ચમાં પણ ભજનસેવાઓ ચલાવી રહ્યા છીએ.

**"ઈસુ ખ્રિસ્ત તમારા જીવનમાં પણ ભારે કામ કરી શકે છે."** ગીતશાસ્ત્ર ૧૨૬:૩. **"જેઓ આંસુ પાડતાં પાડતાં વાવે છે તેઓ હર્ષનાદસહિત લણશે."** ગીતશાસ્ત્ર ૧૨૬:૫.

---

(પાન ૬ પરથી આગળ...)

**સિવાય બીજા કોઈ દેવની ઉપાસના કે પૂજા ન કરવા માટે પોતાનાં શરીરોનું અર્પણ કર્યું છે, તેઓને છોડાવ્યા છે. માટે હું એવો હુકમ ફરમાવું છું કે જે કોઈ માણસ, પ્રજા કે હરકોઈ ભાષા બોલનાર લોક શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગોના દેવની વિરુદ્ધ કંઈ પણ અયોગ્ય બોલશે, તે સર્વના કાપીને ટુકડેટુકડા કરવામાં આવશે, ને તેમનાં ઘરોનો ઉકરડો કરી નાખવામાં આવશે; કેમ કે આવી રીતે પોતાના સેવકોને છોડાવી શકે એવો બીજો કોઈ દેવ નથી."** (દાનિયેલ ૩:૨૮-૨૯).

ઈશ્વરે અગ્નિની મંજૂરી આપી હતી. તેમણે તેને વધુ તીવ્ર રીતે ગરમ થવા દેવાની પણ મંજૂરી આપી હતી. કેમ?

પ્રથમ, કારણ કે તેઓ ઈચ્છે છે કે તમે ભરોસો રાખો કે તમે વિશ્વાસમાં તેમાંથી પસાર થશો.

બીજું, કારણ કે તેઓ તેમના નામનો મહિમા થવા માટે તમારી સાક્ષીનો ઉપયોગ કરશે.

તેથી પ્રોત્સાહિત થાઓ, મારા ભાઈઓ, મારી બહેનો - તમે હમણાં જેમાંથી પસાર કરી રહ્યા છો તે વ્યર્થ નથી. તે ઈશ્વરને માટે મહિમા લાવશે, અને તમે આ અગ્નિમાંથી તેમના શક્તિશાળી પાત્ર તરીકે, પુનઃશુદ્ધ અને પ્રકાશિત થઈને બહાર આવશો.

### ૬) ઊંચી પદવીએ બઢતી !

કેટલીકવાર આપણે પોતાની જાતને પૂછતા હોઈએ છીએ કે, "શું અર્થ છે? જો ઈશ્વર સર્વ મહિમા અને સર્વ સન્માન મેળવશે - જો તેમને એકલાને જ ઉંચા કરવામાં આવશે તો - તો હું આ બધામાં ક્યાં બંધબેસતો થઈ શકું?"

પણ જ્યારે આપણે દાનિયેલ ૩માંની બાકીની વાર્તા વાંચીએ છીએ, ત્યારે આપણે એક સુંદર સત્ય જોઈએ છીએ: જેઓ વિશ્વાસપૂર્વક ઈશ્વરના પર ભરોસો રાખે છે તેઓને માટે ઈશ્વર બદલો આપનાર

છે. શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગો ફક્ત આત્મિક ક્ષેત્રમાં જ સન્માનિત થયા નહોતા, પણ અહીં પૃથ્વી પર પણ બદલો પામ્યા હતા.

**"પછી રાજાએ શાદ્રાખ, મેશાખ તથા અબેદ-નગોને બાબિલ પ્રાંતમાં વધારે ઊંચી પદવીએ ચઢાવ્યા."** (દાનિયેલ ૩:૩૦)

શેતાને તેમના વિનાશની યોજના બનાવી હતી. તે ઈરાદો રાખતો હતો:

તેમના જીવનોને સમાપ્ત કરવા, રાજાની તેમના પરની કૃપાને કાઢી નાખવા ઈચ્છતો હતો, તેમના સેવાકાર્યને બંધ કરવા ઈચ્છતો હતો, તેમના વિશ્વાસનો અંત લાવવા માગતો હતો, તેમના માટેની ઈશ્વરની યોજનાનો અંત કરાવવા માગતો હતો, તેમના પરીક્ષણની સાક્ષી આપતા અન્ય લોકોના વિશ્વાસને દૂર કરવા ઈચ્છતો હતો અને આખરે, ઈશ્વરના રાજ્યના વિસ્તરણને અટકાવવા ઈચ્છતો હતો.

પણ તેમાંનું કંઈ પણ થયું નહોતું.

તેને બદલે, ઈશ્વરે શત્રુની યોજનાને તેના માથા પર ઉલટાવી નાખી હતી અને પરિસ્થિતિનો ઉપયોગ પૃથ્વી પર તેમના રાજ્યના વિસ્તરણ માટે અને તેને મજબૂત બનાવવા માટે કર્યો હતો.

જુઓ અગ્નિએ શું પ્રાપ્ત કર્યું હતું:

તેણે ઈશ્વરની યોજનાને પરિપૂર્ણ કરી હતી. તે ઈશ્વરના નામનો મહિમા વધાર્યો હતો. તેણે માત્ર તેમના વિશ્વાસને જ મજબૂત કર્યો નહોતો, પણ અન્ય યહૂદીઓનો વિશ્વાસ પણ મજબૂત કર્યો હતો - અને તે પણ રાજા જેવા બીન-યહૂદીનો પણ. તે ઈશ્વરની તથા માણસની (રાજાની), બંનેની નજરમાં તેમના માટે કૃપા લાવ્યો હતો. તેણે તેમના જીવનોનો અંત આણ્યો નહોતો; પણ તેને બદલે, તેણે તેમને નવી શરૂઆત આપી હતી - એક નવેસરનો હેતુ, દ્રષ્ટિ અને પદવી, સ્થિતિ. તેણે સાબિત કર્યું હતું કે **શત્રુનો ઈરાદો ભૂંડું કરવાનો હતો, તેને ઈશ્વરે ભલું કરવામાં, સારામાં ફેરવી નાખ્યો હતો.** (ઉત્પત્તિ ૫૦:૨૦).

રાજા - કે જેણે એક વખત સર્વને સોનાની મૂર્તિની આગળ નમવાની આજ્ઞા આપી હતી - તેણે જાહેરમાં ઈસ્રાએલના ઈશ્વરની સર્વોચ્ચતા જાહેર કરી હતી:

**"...આ રીતે છોડાવી શકે એવો બીજો કોઈ દેવ નથી."** દાનિયેલ ૩:૨૯.

## ૭) આસ્થા, ઉત્સાહ - વારસો છોડવો!

અંતે, ત્રણેય હીબ્રુ માણસોએ એક શક્તિશાળી અને કાયમી વારસો છોડી દીધો હતો - હચમચાવી મૂકે એવો વિશ્વાસનો વારસો જે આજે, ૨૦૨૫માં પણ આપણી સાથે વાત કરવાનું ચાલુ રાખે છે.

ઈશ્વરે તેમને અગ્નિમાં જવાની મંજૂરી આપી જેથી તેઓ આવનારી પેઢીઓની આગળ સાક્ષી તરીકે ઊભા રહી શકે. તેમની વાર્તા પડકાર આપે છે અને યહોવા પ્રભુને માટે એવી જ આસ્થા, ઉત્સાહ સાથે જીવવા માટે આપણને પ્રેરણા આપે છે.

### તેમણે નીડરતાથી જાહેર કર્યું હતું:

**"અમારો દેવ, જેની અમે ઉપાસના કરીએ છીએ, તે અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી છોડાવવાને શક્તિમાન છે; અને હે રાજા, તે અમને આપના હાથમાંથી છોડાવશે. પણ જો નહિ છોડાવે, તોપણ, હે રાજા, આપે ખચીત જાણવું કે, અમે આપના દેવોની ઉપાસના કરીશું નહિ, તેમ જ આપે પ્રતિષ્ઠિત કરેલી સોનાની મૂર્તિને પૂજીશું નહિ."** દાનિયેલ ૩:૧૭-૧૮.

યહોવા પ્રભુને માટેની તેમની પાસેની નીડરતા અને પ્રતીતિ જુઓ! તેઓ તેમના વિશ્વાસ સાથે સમાધાન કરવાને બદલે મૃત્યુનો સામનો કરવા તૈયાર હતા.

જ્યારે બાબતો આપણી રીતે ન જાય ત્યારે આપણે કેટલી બધી વાર નિરાશ થઈએ છીએ? અને તેમ છતાં આ જુવાનોએ, તેમની અવિરત ભક્તિ દ્વારા, ફક્ત તેમના પોતાના વિશ્વાસને જ મજબૂત કર્યો નહોતો - પણ આપણો પણ વિશ્વાસ મજબૂત કર્યો છે.

આવો મને તમને પૂછવા દો:

શું તમે હજુ પણ ઈશ્વરની સેવા કરશો... નિષ્ફળતાની મધ્યે? માંદગીની મધ્યે? કૌટુંબિક સંઘર્ષોની મધ્યે? આરોગ્યના પડકારો મધ્યે? વ્યાવસાયિક દબાણોની મધ્યે? વ્યક્તિગત હૃદયની પીડા મધ્યે? વારંવાર નિરાશાની મધ્યે? ભંગાણની મધ્યે? આશીર્વાદ અને ભરપૂરીપણાની મધ્યે પણ?



*તેઓ નજીક છે, અને તેમના હાથો ખુલ્લા છે*

**પાછા ફરશો નહિ.**

તેઓ તમારી રાહ જોઈ રહ્યા છે. તેથી જ ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મૃત્યુ પામ્યા- જેથી તેઓ આપણા માટે મધ્યસ્થી કરી શકે અને આપણે જેમાંથી પણ પસાર થઈએ તેને સંપૂર્ણ રીતે સમજી શકે. તેઓ દૂર નથી કે તટસ્થ નથી. તેઓ નજીક છે, અને તેમના હાથો ખુલ્લા છે.

*તેથી તેમને વળગી રહો.*
*આસ્થા, ઉત્સાહ સાથે તેમની સેવા કરો.*

એક એવું જીવન જીવો જે વારસો છોડે.

******

**ભૂલ બદલ માફ કરશો!**

ઓગસ્ટ 2025ના અંકના પહેલા પાનાના પ્રથમ ફકરામાં, સ્વતંત્રતા દિવસની ઉજવણીની તારીખ ભૂલથી 79મીને બદલે 75 મી તરીકે લખવામાં આવી હતી. આ ભૂલ બદલ અમે દિલગીર છીએ.

**ખ્રિસ્તી કાર્યાલય માટે તાકીદની જરૂરિયાત**

૧. કોમ્પ્યુટર ઓપરેટરો
૨. છાપખાનું ચલાવનાર ઓપરેટરો

**Contact : (+91) 98412 71858, E.mail : sam@echoofhiscall.org**

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીઝ કોલ

**યુટ્યુબ**

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ** ચેનલ જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

**– સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કૂલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th SEPTEMBER 2025
If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**